# પ્રોજેક્ટ-75(I): દરિયાઈ મોરચે ભારતને લગભગ અજેય બનાવતી ટેકનોલોજી



આ વખતે અહીં જે વાત કરવી છે તે સંદર્ભે બેટલ ઓફ એટલાન્ટિક ચોક્કસપણે યાદ આવે છે. સપ્ટેમ્બર, 2025માં બીજા વિશ્વયુદ્ધને 80 વર્ષ પૂરાં થશે. આ તબક્કે બેટલ ઓફ એટલાન્ટિકનો એકદમ ટૂંકો પરિચય કરીએ. આમ તો આ બેટલ વિશે જ એક અલગ લેખ થાય, જે આવનારા સમયમાં ક્યારેક કરીશું પણ ખરા. જો કે હાલ તો આ લેખના વિષય પૂરતો અછડતો ઉલ્લેખ કરીને આગળ ચાલીએ. બેટલ ઓફ એટલાન્ટિક બીજા વિશ્વયુદ્ધ દરમ્યાનની જળ મોરચાની સૌથી મોટી લશ્કરી કાર્યવાહી છે. આ લશ્કરી કાર્યવાહીનો સત્તાવાર સમયગાળો 1939થી 1941નો છે. બીજું વિશ્વયુદ્ધ શરૂ થયું તેના બીજા જ દિવસે જર્મનીએ જળ મોરચે બેટલ ઓફ એટલાન્ટિક શરૂ કરીને એટલાન્ટિક સમુદ્રમાં પોતાની આણ પ્રવર્તાવવી શરૂ કરી દીધી હતી. લગભગ બે વર્ષના આ સમયગાળા દરમ્યાન એટલાન્ટિક સમુદ્રમાં સતત એવું બનતું રહ્યું કે જળમાર્ગે ખાસ કરીને એટલાન્ટિક સમુદ્રના માર્ગે અવરજવર કરતાં જહાજોના માધ્યમથી ચાલતો મિત્રદેશોનો વેપાર સતત ખોરવાતો રહ્યો હતો. આમ, થતું એવું કે એટલાન્ટિક સમુદ્રમાં પોતાને થતું આર્થિક નુકસાન ઘટાડવા માટે અને સામે પક્ષે જર્મની એટલાન્ટિક સમુદ્રમાં પોતાનું પ્રભુત્વ અકબંધ રાખવા માટે-એમ બંને પક્ષો પરસ્પર સતત લડતા રહેતા હતા. 1941ના પૂર્વાર્ધ પછી જર્મનીનું પ્રભુત્વ એટલાન્ટિક સમુદ્રમાં ઘટ્યું એ પછી થોડા જ સમયમાં એટલાન્ટિક સમુદ્ર પરના વર્ચસ્વ માટેની આ લડાઈ નિર્ણાયક તબક્કે પહોંચી ત્યારે એટલાન્ટિક સમુદ્રમાં જે તુમુલ યુદ્ધ થયું તે વિશ્વના ઈતિહાસમાં બેટલ ઓફ એટલાન્ટિક તરીકે પ્રચલિત થયું પણ અહીં મૂળ પ્રશ્ન એ છે કે એટલાન્ટિક સમુદ્રના માધ્યમથી ચાલતો મિત્રદેશોનો વેપાર આ હદે ખોરવાયો કઈ રીતે? આ પ્રશ્નનો જવાબ આ વખતનો આપણો મુખ્ય વિષય છે.

બીજા વિશ્વયુદ્ધની આ ચાવીરૂપ લશ્કરી કાર્યવાહી દરમ્યાન જર્મનીએ મિત્રદેશોને આર્થિક ફટકો મારીને હંફાવવા માટે યુ-બોટ કહેવાતી ખાસ પ્રકારની સબમરીનનો ઉપયોગ કર્યો હતો. તે સમયે માત્ર જર્મની પાસે આ વિશિષ્ટ સબમરીન હતી, જેની કુલ સંખ્યા 57 હતી. આ સબમરીનની ખાસિયત એ હતી કે તેને ઓક્સિજનનો પુરવઠો મેળવવા માટે બહુ ઓછી વખત જળસપાટીની ઉપર આવવું પડતું. આથી લાંબો સમય જળસપાટીની નીચે નિશ્ચિત સ્તરના ઊંડાણમાં અદશ્ય રહીને સપાટી પરના માલવાહક જહાજો પર અણધાર્યા અને ઘાતક પ્રહાર કરતી હતી.


યુદ્ધના એક અસરકારક શસ્ત્ર તરીકે સબમરીનનો ઉપયોગ શરૂ કરવાનું શ્રેય જર્મનીને જાય છે. પહેલા વિશ્વયુદ્ધમાં પણ જર્મનીએ સબમરીનનો ઉપયોગ કરેલો પણ તે સાદી સબમરીન હતી. એ પછી વર્સેલ્સની સંધિના માધ્યમથી શસ્ત્ર ઉત્પાદન સંદર્ભે જર્મની પર લાગેલા આકરા પ્રતિબંધ છતાં જર્મનીએ અહીં જેની વાત કરી તે ખાસ સબમરીન વિકસાવી હતી અને બીજા વિશ્વયુદ્ધના શરૂઆતના તબક્કામાં તેનો અસરકારક ઉપયોગ પણ કર્યો હતો. જો કે બીજા વિશ્વયુદ્ધમાં 1941 પછી રડાર અને વિમાનોનો પ્રવેશ થતાં એટલાન્ટિક સમુદ્રમાં જર્મનીના વર્ચસ્વનો અંત આવ્યો હતો.

જર્મનીએ યુ બોટ કહેવાતી આ વિશિષ્ટ સબમરીનમાં જે વિશિષ્ટ ટેકનોલોજીનો ઉપયોગ કર્યો હતો તે ટેકનોલોજી છે- એર ઈન્ડિપેન્ડન્ટ પ્રોપલ્ઝન ટેકનોલોજી(Air Independent Propulsion Technology-AIP Technology). જો કે અત્યારે અહીં આ ટેકનોલોજી વિશે વાત કરવાનું નિમિત્ત ભારતીય નૌકાદળમાં આ ટેકનોલોજીવાળી સબમરીન સામેલ કરવાનું આરંભાયેલું અભિયાન છે. 2025માં આ ટેકનોલોજી સાથેની સબમરીનનું ટેસ્ટિંગ થતું રહેશે અને 2026માં આ ટેકનોલોજી સાથેની સબમરીન ભારતીય નૌકાદળમાં સત્તાવાર રીતે સામેલ કરાશે. આ નિમિત્તે આ ટેકનોલોજી વિશે વિગતે વાત કરવી રસપ્રદ અને પ્રાસંગિક પણ બનશે. સૌ પ્રથમ આ ટેકનોલોજીની પ્રાથમિક સમજ

**આ ટેકનોલોજીથી સજ્જ સબમરીન જળસપાટીની નીચે એકધારા 50,000 કલાક સુધી રહી શકે છે. વળી, આ પ્રકારની સબમરીન ધીમી ગતિએ લાંબું અંતર કાપી શકે છે. વળી, હાઈડ્રોજન અને ઓક્સિજનના મિશ્રણને મુખ્ય તત્ત્વ તરીકે વાપરતી AIP ટેકનોલોજી મૂળભૂત રીતે ગ્રીન ટેકનોલોજી છે એટલે આ ટેકનોલોજીથી ચાલતી સબમરીનનો મુખ્ય વેસ્ટ માત્ર પાણી જ હોય છે. જેથી જળ પ્રદૂષણ પણ ઘટે છે**

બોર્ડર
કેપ્ટન શૂરવીર સિંહ

મેળવીએ તો સબમરીનમાં આ ટેકનોલોજીનો ઉપયોગ તેના પરંપરાગત ડીઝલ એન્જિનની સહાયક ટેકનોલોજી તરીકે થાય છે. પરંપરાગત ડીઝલ એન્જિન સબમરીનને જળસપાટી ઉપર પ્રોપલ્ઝન પૂરું પાડે છે. એ પછી જ્યારે સબમરીન જળસપાટીની નીચે હોય ત્યારે AIP ટેકનોલોજી હરકતમાં આવે છે. આ ટેકનોલોજી જળસપાટીની નીચે જ વીજળી પેદા કરે છે, જેનાથી સબમરીનની ઈલેક્ટ્રિક મોટર દ્વારા સબમરીનને પ્રોપલ્ઝન મળી રહે છે. તેમ જ તેનાથી સબમરીનની બેટરી પણ રિચાર્જ થઈ જાય છે. તેથી સબમરીનની આંતરિક ઈલેક્ટ્રિક સિસ્ટમ વેન્ટિલેશન, લાઈટિંગ, હીટિંગ વગેરેમાં વપરાતી રહે છે.



આ ટેકનોલોજીથી મુખ્ય બે લાભ થાય છે. એક, આ ટેકનોલોજીવાળી સબમરીનને તેની બેટરી રિચાર્જ કરવા માટે અને ઓક્સિજનનો પુરવઠો લેવા માટે વારંવાર જળસપાટી પર આવવું પડતું નથી. બે, AIP ટેકનોલોજીનો ઉપયોગ કરવા માટે આખી નવી સબમરીન બનાવવાની જરૂર પડતી નથી. પહેલેથી કાર્યરત સબમરીનના બંધારણના માળખામાં એક અલગ વિભાગ બનાવીને તેની અંદર AIP ટેકનોલોજી માટેની વ્યવસ્થા કરી શકાય છે. આ ટેકનોલોજી પ્રોપલ્ઝનની પરંપરાગત પદ્ધતિનો વિકલ્પ નથી બલકે તેનો બળૂકો પર્યાય છે. એક પરંપરાગત ડીઝલ એન્જિન 3 મેગાવોટ્સ જેટલો પાવર ઉત્પન્ન કરે છે, જ્યારે AIP ટેકનોલોજીથી સજ્જ એન્જિન થકી તેનાથી 10% વધુ પાવર ઉત્પન્ન થાય છે એટલે કે AIP ટેકનોલોજીવાળા એન્જિનથી ઉત્પન્ન થતો પાવર 3.3 મેગાવોટ્સ જેટલો હોય છે. ભારતીય સબમરીનોમાં આ ટેકનોલોજીના ઉપયોગના મહત્ત્વની દષ્ટિએ વાત કરીએ તો ખાસ કરીને પાકિસ્તાન અને ચીન જેવા પડોશી દેશો તરફથી પડકારો સતત વધી રહ્યા છે ત્યારે સબમરીન માટે આ ટેકનોલોજીનો ઉપયોગ આવનારા સમયમાં દરિયાઈ મોરચે ભારતને અજેય બનાવી શકે છે. ઉલ્લેખનીય છે કે કેટલાક અખબારી તેમજ સામયિકોના અહેવાલોના દાવા મુજબ આ ટેકનોલોજીથી સજ્જ સબમરીન જળસપાટીની નીચે એકધારા 50,000 કલાક(અંદાજે 5 વર્ષ) સુધી રહી શકે છે. વળી, આ પ્રકારની સબમરીન ધીમી ગતિએ લાંબું અંતર કાપી શકે છે. વળી, હાઈડ્રોજન અને ઓક્સિજનના મિશ્રણને મુખ્ય તત્ત્વ તરીકે વાપરતી AIP ટેકનોલોજી મૂળભૂત રીતે ગ્રીન ટેકનોલોજી છે એટલે આ ટેકનોલોજીથી ચાલતી સબમરીનનો મુખ્ય વેસ્ટ(કચરો) માત્ર પાણી જ હોય છે. જેથી જળ પ્રદૂષણ પણ ઘટે છે. આથી આ ટેકનોલોજીવાળી સબમરીનનો ઉપયોગ લાંબા જાસૂસી મિશન્સ અને સામુદ્રિક સંશોધન અંગેનાં લાંબા સમયગાળાનાં મિશન્સ માટે પણ થઈ શકે છે. વૈશ્વિક દરિયાઈ વર્ચસ્વ અને તાકાતની દષ્ટિએ ભારત માટે આ પ્રોજેક્ટનું મહત્ત્વ એ રીતે પ્રસ્થાપિત કરી શકાય કે આ ટેકનોલોજીવાળી સબમરીન વર્તમાન વિશ્વમાં 8 દેશો- ફ્રાન્સ, જર્મની, જાપાન, ચીન, રશિયા, દક્ષિણ કોરિયા, સ્પેન અને સ્વીડન પાસે છે. આ યાદીમાં હવે ભારતનો નવો પ્રવેશ થયો છે. DRDO સંચાલિત ભારતના આ પ્રોજેક્ટનું સત્તાવાર નામ પ્રોજેક્ટ-75(I) છે. અંદાજે 5.27 બિલિયન ડોલરનું બજેટ ધરાવતા આ પ્રોજેક્ટ અંગેની વાટાઘાટો તો 2020થી ચાલે છે. 2020માં આ પ્રોજેક્ટ માટે MDL અને L|T કંપનીઓ અંગે વિચારણા થઈ હતી. એ પછી આ મુદ્દે દક્ષિણ કોરિયા, જર્મની અને સ્પેનનો પણ સંપર્ક થયો હતો. આ સમગ્ર પ્રક્રિયામાં ફેબ્રુઆરી, 2024 સુધીમાં એ પરિસ્થિતિ હતી કે દક્ષિણ કોરિયા આ આખી પ્રક્રિયામાંથી ખસી જતાં છેવટે આ મુદ્દે જર્મની અને સ્પેન વચ્ચે સ્પર્ધા હતી. આમ, આ પ્રોજેક્ટ સતત પાછો ઠેલાતો રહ્યો એ પછી હવે ફરી તેનો સત્તાવાર આરંભ થયો છે અને તે આખા 2025 દરમ્યાન ટેસ્ટિંગ ફેઝ સુધી પહોંચશે એવું સત્તાવાર રીતે જાહેર થયું છે ત્યારે 1990ના દાયકાની દૂરદર્શનની લોકપ્રિય શ્રેણી 'સમંદર'નું ટાઈટલ સોંગ સહજપણે યાદ આવે છે. આ ટેકનોલોજીના પ્રતાપે ભારતીય નૌકાદળ પાસે આ ગીતમાં વ્યક્ત થયેલી ભાવના મૂર્તિમંત કરીને સમુદ્રની હસીન લહેરોના કાબેલ હુકમરાન બનવાની આ સુંદર તક છે.



# 'બેબી જોન' માં વરુણ પોતાને એક્શન હીરો સાબિત કરે છે!

વરુણ ધવનની કારકિર્દીની સૌથી મોંઘી 'બેબી જોન' 2024 ના વર્ષની છેલ્લી માસ મસાલા ફિલ્મ તરીકે ક્રિસમસની રજાના દિવસે રજૂ થઈ હોવા છતાં બોક્સ ઓફિસ પર બેબી સાબિત થઈ છે અને વરુણની સૌથી વધુ ઓપનિંગ મેળવનારી ફિલ્મોમાં રૂ.11 કરોડ સાથે છઠ્ઠા સ્થાન પર આવી શકી છે. રૂ.180 કરોડની ફિલ્મને નફો કમાવા માટે રૂ.300 કરોડની જરૂર છે ત્યારે પાંચ દિવસના લાંબા વીકએન્ડમાં રૂ.30 કરોડ મેળવી શકી છે. ફિલ્મની હાઈપ વધારવા સલમાનનો કેમિયો રાખ્યો છે. જે દમદાર છે પરંતુ એની ભૂમિકા વાર્તાને કોઈ રીતે અસર કરતી ન હોવાથી કોઈ લાભ થયો નથી. કેમકે જો માત્ર સલમાનના નામ પર જ લોકો થિયેટર સુધી જતાં હોત તો 'સિંઘમ અગેન' ને પણ સારો લાભ થયો હોત.

ફિલ્મોગ્રાફ
રાકેશ ઠક્કર

'બેબી જોન' સમીક્ષકો અને દર્શકોને ખાસ પ્રભાવિત કરી શકી ન હોવાથી એના શૉ ઘટાડી અલ્લુની 'પુષ્પા 2' અને હોલિવૂડની 'મુફાસાઃ ધ લાયન કિંગ' ના શૉ વધારવામાં આવ્યા છે. આ ફિલ્મ દક્ષિણની એક રીમેક હોવાની બાબત સૌથી વધુ અસર કરી ગઈ છે. એમ લાગે છે કે નિર્માતા-નિર્દેશકોની રીમેકની લાલચ બોલિવૂડને ખતમ કરી રહી છે. આઠ વર્ષ પહેલાં આવેલી થલપતિ વિજયની ફિલ્મ 'થેરી' અત્યારે યુટ્યુબ પર જ નહીં OTT પ્લેટફોર્મ ઉપર પણ હિન્દી વર્ઝનમાં ઉપલબ્ધ છે. જેને 10 કરોડથી વધુ વ્યૂઝ મળી ચૂક્યા છે. તેથી 'બેબી ઝોન' ને 'થેરી' કરતાં પણ ઓછું ઓપનિંગ મળ્યું હતું. 'જવાન' ના નિર્દેશક એટલીની 'થેરી' ની એ સમય પર બહુ પ્રશંસા થઈ હતી.

**વરુણની વિજય સાથે સરખામણી થઇ છે એમાં વરુણ નાનો અભિનેતા સાબિત થયો છે. એ વાત પરથી જ ખ્યાલ આવી જશે કે રાજપાલ યાદવ નાની ભૂમિકામાં વરુણ પર ભારે પડ્યો છે. કોમેડીમાં એ વધારે તાળીઓ લઈ ગયો છે. એવું નથી કે વરુણે ખરાબ કામ કર્યું છે**

એટલીએ એને હિન્દીમાં પોતાના સહાયક રહેલા કાલિસના નિર્દેશનમાં તૈયાર કરાવી હોવા છતાં એમની જ છાપ દેખાય છે. વરુણની વિજય સાથે સરખામણી થઈ છે એમાં વરુણ નાનો અભિનેતા સાબિત થયો છે. એ વાત પરથી જ ખ્યાલ આવી જશે કે રાજપાલ યાદવ નાની ભૂમિકામાં વરુણ પર ભારે પડ્યો છે. કોમેડીમાં એ વધારે તાળીઓ લઈ ગયો છે. એવું નથી કે વરુણે ખરાબ કામ કર્યું છે. પાત્રને અંત સુધી પકડી રાખ્યું છે. એક્શન અને કોમેડી સાથે એણે પોતાના તરફથી પૂરો પ્રયત્ન કર્યો છે પણ એની પોલીસવાળા કરતાં બીજી 'પિતા'ની ભૂમિકા જ પ્રભાવિત કરી શકી છે.

જેકી શ્રોફની ભૂમિકા પણ ફિલ્મની USP બની શકે એવી છે. ડર એ છે કે જેકી હવે વિલનની ભૂમિકામાં ટાઈપકાસ્ટ ના થઈ જાય તો સારું છે. જેમણે 'થેરી' ને જોઈ નથી અથવા ભૂલી ગયા છે એમને જ આ ફિલ્મ ગમી શકે છે. સારી વાત એ છે કે એમાં કોઈ વલ્ગર દ્રશ્યો નથી અને ગાળો પણ ન હોવાથી પરિવાર સાથે જોઈ શકાય એવી છે. ફિલ્મની તરફેણમાં રહે એવી બાબતોમાં વરુણનો એક્શન અવતાર, દક્ષિણ જેવી ફિલ્મ અને સલમાનનું આકર્ષણ છે. અલબત્ત વરુણની કારકિર્દીનો આ નોંધપાત્ર અભિનય ગણાયો છે પણ એમ લાગશે કે વિજય જેવી અભિનય ક્ષમતા દેખાતી નથી. નિર્દેશકે ગોવિંદા જેવા અભિનેતાને શાહરૂખ બનાવવાનો પ્રયત્ન કર્યો છે. વરુણની પુત્રી તરીકે જારા જિયાના પ્રભાવિત કરે છે. વરુણ સાથે રોમાન્સ કરતી કીર્તિ સુરેશ રીમેક ફિલ્મમાં હોવાથી બોલિવૂડમાં જોરદાર પ્રવેશ કરી શકી નથી. વામિકા ગબ્બી આશા જગાવી રહી છે.

કાલિસમાં એટલી જેવો નિર્દેશનનો અનુભવ નથી. એમણે તમિલ સિનેમાને મુંબઈમાં રજૂ કરવાને બદલે મુંબઈને તમિલનાડુ લઈ જવા જેવો ઘાટ કર્યો છે. 'થેરી' કરતાં એક્શન દ્રશ્યો વધાર્યા છે અને ક્લાઈમેક્સ થોડો બદલ્યો છે. એ વળી હિન્દી ફિલ્મોનો ચીલાચાલુ લાગે છે. આખી ફિલ્મ નકલ જેવી જ હોવાથી કોઈ ફરક પડતો નથી. ફિલ્મને 'થેરી' થી અલગ કરવા છોકરીઓના વેચાણનો મુદ્દો ઉમેર્યો છે એ કામ કરતો નથી. વરુણ વિલનના માણસોને મારે છે ત્યારે ઉપર મશીનગન સાથે ઉભેલા બીજા માણસો એના પર ગોળી છોડતા નથી. છોકરીઓ ભરેલું કન્ટેનર પલટી જાય છે પણ તે એમાંથી જ નીકળે છે. બાથટબમાં ડૂબેલી છોકરી કપડાં બદલીને સૂઈ જાય છે. જેવા ઘણા દ્રશ્યો હજમ થાય એવા નથી. ફિલ્મનો પહેલો ભાગ ધીમો અને સામાન્ય છે. ફિલ્મની લંબાઈ ઘટાડી શકાય એમ હતી. ખાસ કરીને કોઈ કારણ વગર આવતા ગીતો વધુ પડતાં છે. કેટલાક દ્રશ્યો એવા છે જેને વાર્તા સાથે લેવાદેવા ન હોવાથી એને હટાવીને ફિલ્મ ટૂંકી કરી શકાય એમ હતી. 'પુષ્પા 2' પછી દર્શકોની એક્શન વધુ જોવાની ઈચ્છા 'બેબી જોન' પૂરી જરૂર કરે છે. ફિલ્મના હિંસાથી ભરપૂર એક્શન દ્રશ્યો જોઈને એને 'U/A' સર્ટીફિકેટ કેવી રીતે મળ્યું હશે એમ સવાલ થશે. એક મસાલા ફિલ્મમાં હોવા જોઈએ એ બધા જ તત્ત્વો છે પણ સમસ્યા એ છે કે નવીનતા નથી. કાર્તિક આર્યનની રીમેક 'શહજાદા' ક્યારે આવી હતી એ યાદ રહી નથી એવી જ 'બેબી જોન' ની સ્થિતિ થવાની છે.

### ઓટોગ્રાફ!

વરુણની 'બેબી જોન' કોઈ વિશેષ ફિલ્મ નથી પણ 'સિંઘમ અગેન' ના નિર્દેશકે એમાંથી ઘણું શીખવા જેવું છે, કે સ્ટાર (સલમાન ખાન) ના કેમિયોનો ઉપયોગ કેવી રીતે કરી શકાય! અને જેકી શ્રોફને વિલન તરીકે કેવી રીતે રજૂ કરી શકાય!

# ચિંતન ચોતરાની ફલશ્રુતિ..!

ગુંડા અને ગુણીજનો વચ્ચે સુંરગ અને સિમેન્ટ જેટલો તફાવત હોય છે. બુદ્ધિમાન નાગરિકમાં આદર્શ નાગરિક બનવાનું તમામ રૉમટિરીયલ પડ્યું હોય છે; જે વિચારી શકે છે; તે વિનાશ અને નવસર્જનની જરૂરિયાતને બુદ્ધિના ત્રાજવે તોલીને નિર્ણય લે છે. સમાજની કમનસીબી એ છે કે અહીં ખાલી બેટરીઓની સંખ્યા વધુ છે. અને પ્રકાશ માટે નાના કોડિયા પર આધાર રાખવો પડે છે. કોડિયાથી ચપટીક અજવાળુ થઈ શકે, પણ કોડિયું કદી સૂરજનો વિકલ્પ બની શકતું નથી.

સુરત સાહિત્યની ચેતનવંતી નગરી છે. અહીં યથાસમયે સાહિત્યકારોના પ્રવચનો, પુસ્તકમેળાઓ, કવિસંમેલનો, વગેરે

જીવન સરિતાને તીરે
દિનેશ પાંચાલ

યોજાતા રહે છે. નવસારીમાં એવી સાહિત્ય પ્રવૃત્તિઓનો દુષ્કાળ વર્તાય છે. કોઈ નગ્ન ભિખારી રેડીમેડ કપડાંની દુકાનને તાકી રહે એવી હિઝરાતી નજરે અમે સુરતની સાહિત્ય ગતિવિધિના સમાચાર જોતા રહીએ છીએ. (નવસારીની સયાજી વૈભવ લાયબ્રેરીમાં "મને ગમતું પુસ્તક": વિષય પર સમયે સમયે કાર્યક્રમો યોજાતા રહે છે) કોઈ પણ શહેરમાં સાહિત્યકારોનો અભાવ હોતો નથી; પણ તેમની સ્થિતિ માળીની દુકાનમાં એક છાબમાં વેરવિખેર પડેલા ફૂલો જેવી હોય છે. તે સૌને એકસૂત્રે બાંધવામાં આવે તો મજાની માળા બની શકે નહીંતર એકલું ફૂલ કેવળ 'ફૂલ' બનીને રહી જાય છે.

એક વાત સુનિશ્ચિત છે. પ્રત્યેક નગરમાં સાહિત્યપ્રેમીઓ કરતાં ધર્મપ્રેમીઓની સંખ્યા વિશેષ હોય છે. એથી ધાર્મિક આખ્યાનો, કથા કિર્તનો કે સત્સંગસમારોહના કાર્યક્રમો યોજાતા રહે છે. પણ સાહિત્યના કાર્યક્રમો યોજાય છે ત્યારે તેમની પાંખી વસ્તીનું પ્રમાણ છતું થઈ જાય છે. આયોજકોને એ ચિંતા સતાવે છે કે હૉલ ભરાશે કે નહીં? નામી વક્તાઓએ એ વ ો ખ ા લી પ ો વેઠવો પડતો નથી. તોય એટલું નિશ્ચિત કે રામકથા કે ધાર્મિક પ્રવચનો વેળા ગલીકૂચીમાંથી લોકો ઉમટી પડે છે, તેટલો ધસારો સાહિત્યિક પ્રવચનો માટે થતો નથી. એક બાબત નિર્વિવાદ છેઃ વિચારગોષ્ઠિ જેવા કાર્યક્રમો દરેક શહેરમાં હોવા જોઈએ. આપણાં બહુધા દુઃખોનું કારણ એ છે કે આપણી પાસે માળા કરવાનો સમય છે પણ મનન કરવાનો સમય નથી. યજ્ઞોની કોઈ વિશેષ ઉપલબ્ધિ હોતી નથી છતાં કોઈ મુશ્કેલી આવી નથી કે યજ્ઞો થયા નથી. આપણી ધર્મયુક્ત માનસિક્તા બગલા જેવી છે. બગલા સામે મોતી મૂકવામાં આવે તો તે ચાંચ મારતો નથી. પણ માછલી મૂકવામાં આવે તો તે તરત ઉપાડી લે છે. એક વાત સૌને વેળાસર સમજાવી જોઈએઃ ગામમાં ઘરે ઘરે ઉકરડા ભલે હોય પણ એકાદ બે બગીચા જરૂર હોવા જોઈએ.



સાહિત્ય કાર્યક્રમોની બીજી તકલીફ સંગઠનની હોય છે. બૌદ્ધિકોને અહમ્, ઈગો, વાડાબંધી વગેરેની ગ્રંથિઓ બહુ કનડતી હોય છે. એક મંચ પર સાહિત્યરસિકો ત્યારે પ્રમુખ, ઉપપ્રમુખ, મંત્રી, સેક્રેટરી કે ખજાનચી જેવા લેબલો ગૌણ બની જવા જોઈએ. પદ અને પ્રતિષ્ઠા ભૂખ્યા માણસો સાહિત્ય રસિકોનો વેશ ધારણ કરીને સાહિત્ય મંડળોમાં પ્રવેશે છે, પછી બહુ જલ્દી મંડળની સ્મશાન યાત્રા નીકળે છે. મેં ઘણી સંસ્થાઓના એવા બાળમરણ જોયા છે. થવું જોઈએ એવું કે સાહિત્ય પ્રેમીઓ ભેગા થાય ત્યારે તેમાં મુખ્ય મહેમાન પદે કેવળ અને કેવળ સાહિત્યરસ જ મહત્ત્વનો બની રહેવો જોઈએ. સાહિત્ય આગળ સૌ સરખા! તેમાં લક્ષ્મીદાસો કરતાં સરસ્વતીદાસોને જ વધુ મહત્વ મળવું જોઈએ.

દોસ્તો, ગામમાં ગુણીજન ના હશે તો ચાલશે પણ સારુ વિચારનારા બે માણસો હશે તો ગામની ઉન્નતિ થશે. વળી ગામમાં ગુંડો હોય તો ગુણીજન શા માટે ન હોવો જોઈએ? ચોર હોય તો ચિંતનકાર કેમ ન હોવો જોઈએ? સમાજમાં આકાર લેતા ચિંતનચોતરાઓ ગુણીજનોના વિકાસ માટેની યુનિવર્સીટી ગણાય. દુઃખદ વાસ્તવિક્તા એ છે કે દરેક શહેરમાં દારૂના અડ્ડા હોય છે પણ વિચારમંદિરો નથી હોતા. કુટણખાના હોય છે પણ ચિંતન ચોતરા નથી હોતા. હવનકુંડમાં ઘી હોમીને ભડકા કરવા કરતાં માણસના દિમાગમાં વિચારોની જ્યોત જલાવવી જરૂરી છે.

**દોસ્તો, ગામમાં ગુણીજન ના હશે તો ચાલશે પણ સારું વિચારનારા બે માણસો હશે તો ગામની ઉન્નતિ થશે. વળી ગામમાં ગુંડો હોય તો ગુણીજન શા માટે ન હોવો જોઈએ? ચોર હોય તો ચિંતનકાર કેમ ન હોવો જોઈએ? સમાજમાં આકાર લેતા ચિંતનચોતરાઓ ગુણીજનોના વિકાસ માટેની યુનિવર્સિટી ગણાય**

આખી વાત સમજવાની પહેલી શરત છે વિવેકબુદ્ધિ..! મંદિરમાં આરતી જે નિયમિતતાથી થાય છે તેવી ચોકસાઈથી દરેક શહેરમાં ચિંતનગોષ્ઠિ થવી જોઈએ. એક બીજી વાત પણ વિચારવા જેવી છે. કોઈ પણ શોધ પહેલાં માણસના દિમાગમાં જન્મે છે. પછી દુનિયામાં અવતરે છે. માનવીના વિકાસમાં બે બાબતોનો વધુ ઉપયોગ થયો છે. (1) વિચાર અને (2) પુરુષાર્થ..! જ્યાં એ બે બાબતને નિષ્ક્રિય બનાવી દઈને કેવળ ટિલાંટપકા પર આધાર રાખવામાં આવે છે ત્યાં વિકાસ અટકી જાય છે. આપણા બહુધા દુઃખોનું કારણ એ છે કે માણસ પાસે માળા કરવાનો સમય છે; પણ મનન કરવાનો સમય નથી. મુસીબતો આવે ત્યારે માણસ યજ્ઞો કરાવે છે. પણ એ સ્થિતિ શા માટે પેદા થઈ. તે અંગે વિચારતો નથી. તે ચિંતા કરે છે ચિંતન કરતો નથી. યજ્ઞની કશી જ શ્રેયકર ફલશ્રુતિ પ્રાપ્ત થતી નથી તોય કોઈ નવી મુસીબત આવી નથી કે યજ્ઞ થયો નથી. આવું ક્યાં સુધી ચાલશે?

### ધૂપછાંવ

ઘણી સોસાયટીઓમાં ઘંઉ, ચોખા, જુવાર વગેરે સૌને કિફાયત ભાવે ઉપલબ્ધ થાય એવી વ્યવસ્થા કરવામાં આવે છે. આ સામૂહિક ખરીદી જેવી વ્યવસ્થા સામૂહિક ચિંતન માટે પણ હોવી જોઈએ. યાદ રહે આવા ''વિચાર યજ્ઞો'' સુખી જીવન માટે ઘઉં, ચોખા અને જુવાર કરતાં વધુ ઉપયોગી છે.